અનુસૂચિત જાતિના વિકલાંગ વિદ્યાર્થીઓને
શિષ્યવૃત્તિની યોજના હેઠળની આવક મર્યાદા
વધારવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૭/ન.બા.૯/છ૧**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- 31 MAR 2008

વંચાણે લીધાઃ નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાનો તા.૪/૩/૦૮નો પત્રક્રમાંકઃયજન/ ન.બા. ૦૭–૦૮/૭૯

**આમુખ :–**

અનુસૂચિત જાતિના વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હેઠળની આવક મર્યાદા વધારી રૂા.૫૦,૦૦૦/– કરવાની દરખાસ્ત અન્વયેસને ૨૦૦૮–૦૯ના અંદાજપત્રમાં રૂા.૪૩,૭૫,૨૦૦/–ના ખર્ચની જોગવાઈ મેળવવાની દરખાસ્ત બાબતે નવી બાબતને મંજુરી મળતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી ધ્વારા સંદર્ભ(૧) આગળ દર્શાવેલ પત્રથી વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હેઠળની આવક મર્યાદા વધારી રૂા.૫૦,૦૦૦/કરવા તથા આ યોજના માટેરૂા.૪૩,૭૫,૨૦૦/ ના ખર્ચની સન.૨૦૦૮/૦૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને.૨૦૦૮/૦૯ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈ અને લાગુ પડતા ધારા ધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના વિકલાંગ વિદ્યાર્થીઓને મળવા પાત્ર થશે.

(૪) વિકલાંગ વિદ્યાર્થીઓના વાલીની આવક મર્યાદા રૂા.૫૦,૦૦૦/–ની રહેશે.

(૫) વિકલાંગ ધારો ૧૯૯૫ની જોગવાઈ પ્રમાણે ૪૦ ટકા થી વધુ વિકલાંગતા ધરાવતા વિકલાંગ વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર થશે.

(૬) સુધારેલ શિષ્યવૃત્તિના દરો વર્ષ.૨૦૦૮–૦૯ના નાણાંકીય વર્ષથી અમલમાં આવશે.

નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુ. રા. ગાંધીનગર.
આવક નં. ૭૨ તા. ૨/૪/૦૮

૨૬

35

આ માટેનો ખર્ચ ચાલું નાણાંકીય વર્ષના અંદાજપત્ર સદર માંગણી ક્રમાંક ૭૫-૨૨૩૫ – સામાજીક સુરક્ષા અને કલ્યાણ ૦૨-સમાજ કલ્યાણ ૧૦૧-વિકલાંગોનું કલ્યાણ ૦૧ એસીડબલ્યું-૬ વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (પ્લાન) હેઠળ ઉધારવાનો રહેશે.અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઈમાંથી મેળવવાનનું રહશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકના ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૮/૩/૨૦૦૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભુપત.સી.ભૂતડીયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- માન.મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગ,સચિવાયલ,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી.ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,સમાજ સુરક્ષા,બ્લોકનં.ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- **સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી.**
- **સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.**
- **વિભાગની છ.૧ અને બજેટ શાખા,શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.**

[illegible]

નં. સ્પાજ/શિષ્ય. આ.મર્યાદા/૦૭-૦૯/૩૯૮૯,
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક - ૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૯-૭-૨૦૦૮

નકલ સવિનય રવાના:
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને.
૨) આદેશ ફાઈલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર